# જીવનવાર્તા લખવામાં સંકોચ કેમ?*

[ ૬ ]

અપરિગ્રહ, જીવનશુદ્ધિ આદિ વિષે હું સમજણ અને ભાવના પ્રમાણે વર્તી શકતો નથી; એટલે જ જીવનવાર્તા લખવામાં સંકોચ છે. એ ઉપરાંત બીજાં પણ સંકોચનાં કારણો છે :—

૧. વિશિષ્ટ વિભૂતિઓની કથા અત્યારે સુલભ છે ત્યાં આવી પામર કથા પ્રકાશિત કરવામાં અભિમાન ભાસે છે.

૨. જ્યાં લગી યથાવત્ પ્રતિબિંબ ન પડે ત્યાં લગી એકાંગી કથા લખવાથી ઊલટો ભ્રમ પોષાય છે.

૩. દેખાદેખીથી જીવનવાર્તા લખવાની પદ્ધતિ વધતાં, પછી તો માત્ર કૌતુકશાંતિ જ વાચનફળ શેષ રહે છે.

૪. મેં જે લખેલ તેમાં હકીકતો થોડી છે, ઘણી રહી ગઈ છે. લખી છે તેમાંય વાચકોની દૃષ્ટિએ ઉપયોગી ન હોય એવી પણ છે. રહી ગયેલમાં કામની પણ આવશે. લેખનપદ્ધતિ મુખ્યપણે વર્ણનાત્મક, એટલે એ ઉપરથી કેટલાક સિદ્ધાંતોનો રહસ્યસ્ફોટ એમાં નથી.

આવા જીવન પાછળ જે પ્રેરક હેતુ કામ કરે છે તે, દરેક ઘટનામાં અભિવ્યક્ત થતો દેખાય એ રીતે લખાય તો જ એકસૂત્રતા આવે; અન્યથા નહીં. એટલે મને લખેલ ભાગ અને પદ્ધતિ સંતોષપ્રદ નહીં લાગેલ તેથી એમ ને એમ પડી રહ્યું અને સંકોચ પણ ન ગયો. આ કારણથી મેં એમ સૂચવેલું કે 'શી ઉતાવળ છે?' અને 'ઠરીને પદ્ધતિ નિશ્ચિત કરી શક્યો નથી; કરીશ અને મળીશું ત્યારે લખીશું.' ઇત્યાદિ.

આ તો ન લખવા પક્ષે વાત થઈ.

પણ મેં એમ સૂચવેલું કે જો તમે, આપેલ કબૂલાત પ્રમાણે લખવા ઇચ્છો જ તો એમાં કોઈ અત્યુક્તિ, આડંબર જેવું જરાય ન આવે; જાણે કે સામાન્ય જીવનક્રમ સહજભાવે ચાલતો હોય તેવો જ આવે.

---

* શ્રી દલસુખભાઈ માલવણિયા ઉપર તા. ૧૩–૧૨ ૧૯૫૨ ના રોજ લખેલ પત્રમાંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું એટલું તો જાણું છું કે બીજા ગમે તેટલા પ્રમાદો અને શિથિલતા હોય, પણ જિજ્ઞાસા પોષવા અને યથાશક્તિ વિવિધ વિદ્યાઓનું પરિશીલન કરવામાં પ્રમાદનો ભાગ ઓછામાં ઓછો છે. તેથી કહી શકાય કે, જીવનનો પ્રેરક હેતુ જિજ્ઞાસાપૂર્તિ અને વિદ્યાસંપાદન રહ્યો છે. તેણે જ બધું કરાવ્યું છે. એને જ લીધે ધર્મ, સમાજ અને માનવતાનાં મૂલ્યાંકનમાં ફેર પડતો ગયો છે, અને જે પ્રથમ ઉપાદેય લાગતું તે સંકુચિત અને હેય પણ જણાતું ગયું છે તેથી જ સંપ્રદાય, પંથ, જાતિ, શાસ્ત્ર આદિ અનેક વિષયો પરત્વે સ્વતંત્ર વિચાર કરવા પ્રેરાયો છું, અને કેટલીક ધારણાઓ પણ સ્થિર અને વિશદ થઈ છે. આ જ એક અલ્પાંશે પણ સંતોષનો વિષય છે.

ટૂંકમાં, જો લખવાની વૃત્તિ ટાળી શકાય તેમ ન હોય તો, આ જ સૂત્રને ધ્યાનમાં રાખી, ઉપયોગી હકીકતો લઈ શકાય. મેં તો ઘણું કરી ૧૯૨૦ આસપાસ સુધી જ કાંઈક ચિતરામણ કર્યું છે; પછીનું તો છે જ નહીં.

કાકાએ* મને ઘણાં વર્ષોથી કંઈક લખવા આગ્રહ કર્યો છે. હમણાં તેઓ આવેલ. ફરી માગણી કરી. કહે કે 'હું બહુ હકીકતો નહીં પણ તમે તત્ત્વચિંતક હોવાથી જીવનનું તારણ લખો એમ ઇચ્છું છું.' એમણે 'ધર્માનુભવની જીવનયાત્રા' 'સંસ્કૃતિ'માં લખી છે. તે એમનો નમૂનો; પણ મેં તેમની સાથે ફરી એ વિશે ચર્ચા કરી દૃષ્ટિબિંદુ સ્પષ્ટ જાણી લેવા કહેલું. એ તો વખત આવે ત્યારે ખરો, એટલે સળંગ જીવનવાર્તા એ તો મુલતવી જ રહે છે. તમે પણ સંક્ષેપમાં પતાવવાનું સૂચવો છો એટલે મેં મારી હૃદ્ગત મુખ્ય વાત કહી કે, છેવટે અત્યુક્તિ કે આડંબર ન આવે.

---

* કાકાસાહેબ કાલેલકર.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org